# બોટાદ નગરપાલિકા

## વાંધા સુચનો અંગેની જાહેરાત

ઘન કચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૧૬ તથા પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ અંતર્ગત નગરપાલિકા દ્વારા પબ્લીક હેલ્થ બાયલોઝ તથા પ્લાસ્ટીક વેસ્ટ બાયલોઝ બનાવી બોટાદ નગરપાલિકા વિસ્તારમાં લાગુ પાડવામાં આવેલ છે.

ઉક્ત બાયોલોઝ અંતર્ગત વહીવટી ચાર્જ/ દંડની રકમમાં વધારો કરતો નિર્ણય ઠરાવ નં.૧૧૫ તા.૨૪/૦૫/૨૦૨૩ તથા ઠરાવ નં.૧૧૬ તા.૨૪/૦૫/૨૦૨૩થી કરવામાં આવેલ છે. આ સબંધે જો કોઈ વાંધો કે સુચન હોય તે આ નોટીસ પ્રસિધ્ધ થયાથી દિન-૩૦માં નગરપાલિકા કચેરીને પહોચતા કરવાના રહેશે.

આ નિયમો અને વહીવટી ચાર્જની વિગતો નગરપાલિકાના નોટીસબોર્ડ પર તથા નગરપાલિકાની વેબ સાઈટ https://botadnagarpalika.org/ પર જોવા ઉપલબ્ધ છે..

જા.નં. ૫૫૨૨
તા. ૨૬-૦૫-૨૩

(પાર્થવન જી.ગોસ્વામી)
ચીફ ઓફિસર
બોટાદ નગરપાલિકા

(દીપક સતાણી)
વહીવટદાર
બોટાદ નગરપાલિકા

Scanned with OKEN Scanner

## બોટાદ નગરપાલિકા, બોટાદ

## તા.બોટાદ જી.બોટાદ

# પબ્લીક હેલ્થ

# બાયલોઝ-૨૦૧૯

Scanned with OKEN Scanner

# બોટાદ નગરપાલિકા

## બોટાદ નગરપાલિકાની તા.૦૯/૧૧/૨૦૧૯ની સામાન્ય સભાના ઠરાવ નં.૨૨૮

બોટાદ નગરપાલિકા- બોટાદની તા.૦૯/૧૧/૨૦૧૯ના રોજ સામાન્ય સભામાં થયેલ ઠરાવ નં-૨૨૮ થી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ના અમલીકરણ માટે ભારત સરકારશ્રીની વનપર્યાવરણ, મૌસમ મંત્રાલય દ્વારા નોટીફીકેશન પ્રકાશિત કરવામાં આવેલ છે. જેનો બોટાદ શહેરમાં અમલીકરણ માટે તા.૦૯/૧૧/૨૦૧૯ના રોજ બોટાદ નગરપાલિકાની સામાન્ય સભામાં ઠરાવ નં-૨૨૮ થી મંજુર કરી અમલવારી માટે બોટાદ નગરપાલિકા – બોટાદના પેટા નિયમો તરીકે જાહેર કરેલ છે. જે બોટાદ નગરપાલિકા-બોટાદના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ના પેટા નિયમો ૨૦૧૯ તરીકે માન્ય રહેશે.

## સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ ના પેટા નિયમો-૨૦૧૯

**૧. ઘન કચરાને ખુલ્લામાં શેરીઓમાં,જમીન પર,બગીચામાં નદી-નાળા કે જાહેર સ્થળો જેવા તમામ સ્થળો નાંખવા તથા બાળવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.**

૧) નિયમ ભંગ કરનાર સામે બોટાદ નગરપાલિકા-બોટાદ દ્વારા કચરો બળનાર વ્યકિત પાસેથી પ્રથમ વખતનાં ગુન્હા માટે,બીજા વખતનાં ગુન્હા માટે,ત્રીજી કે તેથી વધુ વખતના ગુન્હા માટે નીચે નકકી કરેલ દંડ વસુલ કરવામાં આવશે.

૨) દુકાનદાર હોય તો તેનું લાઈસન્સ રદ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

૩) પાણીનું કનેકશન બંધ કરવામાં આવશે.

૪) વારંવાર ગુનો કરતા માલુમ પડે તો પોલીસ ફરિયાદ કાર્યવાહી કરવામાં આવશે.

**૨. રહેણાંક,વાણિજ્ય,સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા તથા ઔદ્યોગિક પ્રવૃતીમાંથી દૈનિક ઘન કચરો પેદા કરનાર દ્વારા કચરાનો યોગ્ય નિકાલ કરવાની નકકી કરવામાં આવે છે.**

૧) દરેક કચરો ઉત્પન્ન કરનાર નાગરિક/સંસ્થા/ઉદ્યોગ/સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા જો કચરાનો ગમે ત્યાં નિકાલ કરતા માલુમ પડે તો નગરપાલિકા દ્વારા દંડ વસુલ કરવામાં આવશે.

૨) દુકાનદાર હોય તો તેનું લાઇસન્સ રદ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

૩) વારંવાર ગુનો કરતા માલુમ પડે તો પોલીસ ફરિયાદની કાર્યવાહી કરવામાં આવશે.

૪) શહેરનું તંદુરસ્ત વાતાવરણ જળવાઈ રહે અને નગરજનોમાં સ્વચ્છતા પ્રત્યેની સભાનતા પ્રગટ થાય તે હેતુસર શહેરમાં વિવિધ સ્તરે જાહેરમાં ગંદકી તેમજ ન્યુસન્સ કરતા ઈસમો પાસેથી વહીવટી ચાર્જ વસુલ કરવા માટે આરોગ્ય વિષયક વિવિધ મુદાઓ ધ્યાને લઇ પ્રથમ તથા બીજી વખતના ગુન્હા માટે લઘુતમ અને મહત્તમ વહીવટી ચાર્જનું માળખું આ સાથે સામેલ વિગત-પત્રક મુજબ નકકી કરવામાં આવે છે.

Scanned with OKEN Scanner

૩. કચરાનો અવૈધ નિકાલ કરનારાઓ કે નિયમોની જોગવાઈઓનું પાલન કરવામાં નિષ્ફળ વ્યક્તિઓ/સંસ્થાઓ પાસેથી દંડ વસુલ કરવાની પેટા નિયમોની જોગવાઈઓમાં સુનિશ્ચિત જેમાં સમકક્ષ અધિકારીઓને કે સ્થાનિક સંસ્થાને આ દંડ વસુલ કરવાની સતા સોંપવા બાબત. દંડ વસુલ કરવાની સતા નીચે મુજબનાં અધિકારીઓ/ કર્મચારીઓ તથા પદાધિકારીશ્રીઓને આપવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | ચીફ ઓફિસર | ૫. | ગુ.ધા./વ્યવસાય વેરા ઇન્સ્પેકટર |
| ૨. | સેનેટરી ઇન્સ્પેક્ટર | ૬. | નગરપાલિકાના પ્રમુખ/ઉપપ્રમુખ તથા કોઈપણ સમિતિના ચેરમેનશ્રી |
| ૩. | નગરપાલિકાના શાખાધિકારી/કલાર્ક | ૭. | આરોગ્ય રક્ષણ સમિતિના તમામ સભ્યશ્રીઓ |
| ૪. | નગરપાલિકાના તમામ એન્જીનીયર | ૮. | નગરપાલિકા દ્વારા વખતોવખત નકકી કરવામાં આવે તેવા/તેટલા કલીન ગાર્ડસ (સ્વચ્છતા રક્ષકો) |

૪. કોઈપણ પ્રકારના રહેણાંકની સોસાયટીઓ કે સંકુલોના નિર્માણના નકશાઓ મંજુર કરતા પહેલા ખાત્રી કરવી કે તેના નિર્માતાઓ દ્વારા ધનકચરાના એકત્રીકરણ,વર્ગીકરણ અને સંગ્રહની વ્યવસ્થા માટેની જગ્યાની પુરતી જોગવાઈ રાખવામાં આવેલ છે કે કેમ? તેની ચકાસણી કરવાની અને બાંધકામ પૂર્ણ થયા બાદ જો આવી વ્યવસ્થા રાખવામાં આવેલ ન હોય તો તેની સામે પગલા લેવાની કામગીરી નગરપાલિકા દ્વારા કરવામાં આવશે.

૫. ઘનકચરા વ્યવસ્થાની સુવિધાઓના સંચાલકો દ્વારા દરેક કામદારોને વ્યકિતગત સુરક્ષાના ઉપકરણો/સાધનો જેવા કે વર્દી,ફલોરસન્ટ,જેકેટ,હાથમોજા,ગમબુટ,માસ્ક,રેઇન કોટ,સ્વેટર વગેરે સાધનો નીચે મુજબ પુરા પાડવાના રહેશે.

૧) સફાઈ કામદારો દીઠ નીચે મુજબના ઉપકરણો/સાધનો પુરા પાડવામાં આવશે.

| અનુ. | સુરક્ષા ઉપકરણોનું નામ | નંગ/જોડી | સમય મર્યાદા |
|---|---|---|---|
| ૧. | હાથ મોજા | ૧૨(બાર)જોડી | દર એક વર્ષે |
| ૨. | ગમ બુટ | ૧ (એક) જોડી | દર એક વર્ષે |
| ૩. | માસ્ક | ૧૨ નંગ | દર એક વર્ષે |

૬. ધનકચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૧૬ તથા તે અન્વયે બનાવેલ પબ્લીક હેલ્થ બાયલોઝના અસરકારક અમલીકરણ તથા શહેરમાં સ્વચ્છતા અંગે વિવિધ પ્રકારે જન-જાગૃતિ માટે નગરપાલિકા દ્વારા નગર કક્ષાએ તથા વોર્ડ કક્ષાએ સ્વચ્છતા એમ્બેસેડરની નિમણુંક કરવામાં આવશે. તથા શહેરમાં જરૂરી જણાય તેટલી સંખ્યામાં સ્વચ્છતા રક્ષકો (કલીનગાર્ડ)ની નિયુક્તિ કરી તેમના સેમીનાર કરવામાં આવશે. તથા ઓળખકાર્ડ આપવામાં આવશે. તથા વહીવટી ચાર્જ વસુલ કરવા માટે સત્તા આપવામાં આવશે.

૭. ઉપર મુજબના પેટા નિયમો બોટાદ નગરપાલિકાની આજરોજ મળેલ સામાન્ય સભામાં મંજુર કરવામાં આવેલ છે. જેના અમલીકરણ માટે દૈનિક પત્રમાં જાહેરાત પ્રકાશિત કરવી તેમજ પ્રચાર-પ્રસાર અને શિક્ષણના માધ્યમથી અભિયાન ચલાવવું અને કચરો પેદા કરનારાઓને જાણકારી આપવી.

Scanned with OKEN Scanner

# વહીવટી ચાર્જ/દંડની રકમ અંગેની વિગત-પત્રક

| વિગત | પ્રથમ વખતના ગુન્હા માટેનો લઘુતમ- મહત્તમ દંડ(રૂપિયામાં) | બીજી વખત ગુન્હા માટેનો લઘુતમ- મહત્તમ દંડ(રૂપિયામાં) |
|---|---|---|
| A.રસ્તા પર કચરો ફેંકવો. | | |
| ૧) વ્યક્તિગત/રહેઠાણ | ૨૦ થી ૧૦૦ | ૫૦ થી ૨૦૦ |
| ૨) રસ્તા, ફૂટપાથ પરના ફેરિયા,લારી/પાથરણા વિગેરે (શાકભાજી/ફળફળાદી/કટલરી/ખાણીપીણી/પાનના ગલ્લા/ચાની લારી તથા અન્ય | ૨૦ થી ૧૦૦ | ૫૦ થી ૨૦૦ |
| ૩) દુકાન/ઓફીસ | ૫૦ થી ૧૦૦ | ૧૦૦ થી ૨૦૦ |
| ૪) હોટલ-લોજ,રેસ્ટોરન્ટ,ગેસ્ટ હાઉસ, શોપિંગ મોલ, મલ્ટીપ્લેક્ષ વગેરે | ૧૦૦ થી ૫૦૦ | ૫૦૦ થી ૧૦૦૦ |
| ૫) કલીનીક/ હોસ્પિટલ્સ, લેબોરેટરી (મ્યુનિ.સોલીડ વેસ્ટ)<br>કલીનીક/ હોસ્પિટલ્સ, લેબોરેટરી (મેડીકલ વેસ્ટ) | ૨૦૦ થી ૫૦૦<br>૫૦૦ થી ૨૦૦૦ | ૫૦૦ થી ૧૫૦૦<br>૨૦૦૦ થી ૫૦૦૦ |
| ૬) ઇન્ડસ્ટ્રીઝ | ૫૦૦ થી ૧૦૦૦ | ૧૦૦૦ થી ૫૦૦૦ |
| B.પાણીનો બગાડ કરવો કે ગંદા પાણીનો રસ્તા,ખુલ્લા પ્લોટ ,જાહેર જગ્યાએ કે વરસાદી પાણીની લાઈનમાં નિકાલ. | | |
| ૧) રહેઠાણ | ૫૦ થી ૨૦૦ | ૨૦૦ થી ૫૦૦ |
| ૨) વ્યવસાયક એકમ | ૧૦૦ થી ૫૦૦ | ૫૦૦ થી ૧૦૦૦ |
| ૩) ઇન્ડસ્ટ્રીઝ | ૫૦૦ થી ૨૦૦૦ | ૨૦૦૦ થી ૫૦૦૦ |
| C. સામાન્ય દંડ | | |
| ૧) ખુલ્લામાં શૌચાલય, પેશાબ અને થૂંકવું | ૨૦ થી ૧૦૦ | ૫૦ થી ૨૦૦ |
| ૨) જાનવરો જાહેર રોડ પર બાંધવા | ૧૦૦ થી ૨૦૦ | ૨૦૦ થી ૫૦૦ |
| ૩) જાહેર રોડ કે જાહેર જગ્યાએ ઉકરડા કરવા | ૧૦૦ થી ૨૦૦ | ૨૦૦ થી ૫૦૦ |
| ૪) જાહેર રોડ કે રસ્તા પર થયેલ ઉકરડા નગરપાલિકા દ્વારા ઉપાડી દુર કરવાનો ચાર્જ | ફેરા દીઠ રૂ.૩૦૦ | ફેરા દીઠ રૂ.૩૦૦ |
| ૫) કચરો નદી,તળાવ,ફૂટપાથ,ડીવાઈડર,રસ્તા,જાહેર જગ્યા,ખુલ્લા પ્લોટમાં નાખવો (નગરપાલિકાના સફાઈ કામદાર સહીત) | ૫૦ થી ૨૦૦ | ૨૦૦ થી ૫૦૦ |
| ૬) બાંધકામનો કાંટમાળ તથા રેતી,કપચી,ઇંટો વગેર બાંધકામમાં વપરાતો સામાન રસ્તા પર નાખવો કે મુકવો. | ૧૦૦ થી ૧૦૦૦ | ૫૦૦ થી ૨૦૦૦ |
| ૭) સામાજિક/ધાર્મિક/જાહેર પ્રસંગોએ કચરો/એઠવાડ વિગેરેનો અયોગ્ય રીતે નિકાલ | ૧૦૦ થી ૫૦૦ | ૨૦૦ થી ૧૦૦૦ |
| ૮) લગ્ન વાડી/પાર્ટી પ્લોટ/જ્ઞાતિની વાડીઓ દ્વારા કચરો/એઠવાડ વિગેરેનો અયોગ્ય રીતે નિકાલ | ૩૦૦ થી ૫૦૦ | ૫૦૦ થી ૧૦૦૦ |
| ૯) કચરો,પ્લાસ્ટીક/રબર/ટાયર/વાયર વિગેરે બાળવા (નગરપાલિકાના સફાઈ કામદાર સહીત) | ૫૦ થી ૨૦૦ | ૨૦૦ થી ૫૦૦ |
| ૧૦) નગરપાલિકાના વાહનમાં સેગ્રીગેશન કર્યા સિવાયનો કચરો આપવો | ૨૦ થી ૧૦૦ | ૫૦ થી ૨૦૦ |
| ૧૧) ઘર/દુકાન/ઓફીસ/ગોડાઉન,બાંધકામ સાઈટ/હોટલ-રેસ્ટોરન્ટ/ શૈક્ષણિક સંસ્થાઓ/સામાજિક સંસ્થાઓ/લગ્ન વાડી-પાર્ટી પ્લોટ-જ્ઞાતિની વાડી/જાહેર/ખાનગી હોસ્પિટલ, સરકારી-અર્ધ સરકારી કચેરીઓ વિગેરે સ્થળેથી મચ્છરના પોરાનો ઉદભવ | ૫૦ થી ૫૦૦ | ૧૦૦ થી ૧૦૦૦ |
| ૧૨) માલિકીના ખુલ્લા પ્લોટમાં ઝાડપાલો ઉંગી નીકળવા કે કચરો-ગંદકી થવી. | ૧૦૦ થી ૨૦૦ | ૨૦૦ થી ૫૦૦ |
| ૧૩) જાહેર જગ્યા પર નગરપાલિકાની પરવાનગી સિવાય પોસ્ટર/સ્ટીકર/બેનર્સ ચોટાડવા કે લગાડવા(જગ્યા દીઠ) | ૫૦ થી ૧૦૦ | ૧૦૦ થી ૨૦૦ |
| ૧૪) ભીના/સુકા કચરા માટે ડસ્ટબીન ન રાખવી. (ઘર,દુકાન,કચેરી,લારી-ગલ્લા-પાથરણા વિગેરે) | ૫૦ થી ૧૦૦ | ૧૦૦ થી ૨૦૦ |
| ૧૫) નોનવેજ કચરાનો અયોગ્ય રીતે નિકાલ (નદી,તળાવ,રસ્તા,ખુલ્લા પ્લોટ વગેરે) | ૧૦૦ થી ૩૦૦ | ૩૦૦ થી ૫૦૦ |
| D.રસ્તા પર હાથલારી/કેબીન વગેરે રાખી રસ્તા પર દબાણ કરવું. | ૧૦૦ થી ૨૦૦ | ૨૦૦ થી ૫૦૦ |

Scanned with OKEN Scanner

-દરેક કિસ્સામાં ત્રીજી વખતના ગુન્હા માટે બીજી વખતના મહત્તમ દંડના અઢીગણા દંડ વસુલ કરવો કે વિકલ્પે સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ/કોર્ટ સમક્ષ કેસ કરવામાં આવશે કે પોલીસ ફરિયાદ કરવામાં આવશે કે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ કે અન્ય સમક્ષ સત્તાધિકારીને ફરિયાદ કરવામાં આવશે કે એકમ સીલ કરવામાં આવશે.

- કોઈ વ્યકિત/સંસ્થા સ્થળ પર દંડ ભરવાનો ઇનકાર કરે તો પોલીસ કાર્યવાહી કરવામાં આવશે.
- ઘર/દુકાન/ઓફીસ/લારી ગલ્લા/પાથરણા/હોટલ- રેસ્ટોરન્ટ/શૈક્ષણિક સંસ્થાઓ તથા કચરો ઉત્પન્ન કરતા અન્ય એકમોની આગળના ભાગે કચરો પડેલ હશે તો જે- તે ની જવાબદારી રહેશે અને દંડ વસુલ કરવામાં આવશે. કચરો ઉડીને આવેલ છે કે બીજા કોઈ દ્વારા નાખેલ છે તેવી વાત સ્વીકારવામાં આવશે નહિ.
- દૈનિક ૫૦ કિ.ગ્રા સુધીનો કચરો ઉત્પન્ન કરતા એકમોને બલ્ક વેસ્ટ જનરેટર્સ તરીકે ગણવામાં આવશે. જેના કચરાના નિકાલ/પ્રક્રિયાની વ્યવસ્થા સબંધિત એકમે કરવાની રહેશે. જો તેમ કરવામાં નહિ આવે તો નગરપાલિકા દ્વારા રૂ. ૧૦૦૦ થી રૂ.૫૦૦૦ સુધીનો દંડ કરવામાં આવશે. પ્રોસેસની વ્યવસ્થા નગરપાલિકા દ્વારા કરવામાં આવશે તો તેનો તમામ ખર્ચ સબંધિત પાસેથી વસુલ કરવામાં આવશે. અથવા મિલકત પર બોજાપેટે દાખલ કરવામાં આવશે કે આવા એકમો સીલ કરવામાં આવશે.

-પાર્ટી પ્લોટ/જ્ઞાતિની વાડી/મંદિર/શૈક્ષણિક સંસ્થા વિગેરે જગ્યાએ થતા વિવિધ સામાજીક/ધાર્મિક કે અન્ય પ્રસંગોએ ઉત્પન્ન થતા ભીના/સુકા કચરાના નિકાલ માટે નગરપાલિકાને જાણ કરવાથી નિયત ફી રૂ.૨૦૦/- લઈ કચરાના નિકાલ વ્યવસ્થા કરવામાં આવશે.

ચીફ ઓફિસર
બોટાદ નગરપાલિકા

પ્રમુખ
બોટાદ નગરપાલિકા

## બોટાદ નગરપાલિકા

## સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ અંતર્ગત સુધારેલ વહીવટી ચાર્જ/દંડની રકમ દર્શાવતું પત્રક

| વિગત | પ્રથમ વખતના ગુન્હા માટેનો લઘુતમ- મહત્તમ દંડ(રૂપિયામાં) | બીજી વખત ગુન્હા માટેનો લઘુતમ- મહત્તમ દંડ(રૂપિયામાં) | સૂચિત રકમ દરેક વખત માટે (રૂપિયામાં) |
|---|---|---|---|
| **A.રસ્તા પર કચરો ફેંકવો.** | | | |
| ૧) વ્યક્તિગત/રહેઠાણ | ૨૦ થી ૧૦૦ | ૫૦ થી ૨૦૦ | ૫૦૦ |
| ૨) રસ્તા, ફૂટપાથ પરના ફેરિયા,લારી/પાથરણા વિગેરે (શાકભાજી/ફળફળાદી/કટલરી/ખાણીપીણી/પાનના ગલ્લા/ચાની લારી તથા અન્ય | ૨૦ થી ૧૦૦ | ૫૦ થી ૨૦૦ | ૫૦૦ |
| ૩) દુકાન/ઓફીસ | ૫૦ થી ૧૦૦ | ૧૦૦ થી ૨૦૦ | ૫૦૦ |
| ૪) હોટલ-લોજ,રેસ્ટોરન્ટ,ગેસ્ટ હાઉસ, શોપિંગ મોલ, મલ્ટીપ્લેક્ષ વગેરે | ૧૦૦ થી ૫૦૦ | ૫૦૦ થી ૧૦૦૦ | ૧૫૦૦ |
| ૫) ક્લીનીક/ હોસ્પિટલ્સ, લેબોરેટરી (મ્યુનિ.સોલીડ વેસ્ટ)<br>ક્લીનીક/ હોસ્પિટલ્સ, લેબોરેટરી (મેડીકલ વેસ્ટ) | ૨૦૦ થી ૫૦૦<br>૫૦૦ થી ૨૦૦૦ | ૫૦૦ થી ૧૫૦૦<br>૨૦૦૦ થી ૫૦૦૦ | ૩૦૦૦<br>૧૦૦૦૦ |
| ૬) ઈન્ડસ્ટ્રીઝ | ૫૦૦ થી ૧૦૦૦ | ૧૦૦૦ થી ૫૦૦૦ | ૧૦૦૦૦ |
| **B.પાણીનો બગાડ કરવો કે ગંદા પાણીનો રસ્તા,ખુલ્લા પ્લોટ ,જાહેર જગ્યાએ કે વરસાદી પાણીની લાઈનમાં નિકાલ.** | | | |
| ૧) રહેઠાણ | ૫૦ થી ૨૦૦ | ૨૦૦ થી ૫૦૦ | ૧૦૦૦ |
| ૨) વ્યવસાયક એકમ | ૧૦૦ થી ૫૦૦ | ૫૦૦ થી ૧૦૦૦ | ૨૦૦૦ |
| ૩) ઈન્ડસ્ટ્રીઝ | ૫૦૦ થી ૨૦૦૦ | ૨૦૦૦ થી ૫૦૦૦ | ૧૦૦૦૦ |
| **C. સામાન્ય દંડ** | | | |
| ૧) ખુલ્લામાં શૌચાલય, પેશાબ અને થૂંકવું | ૨૦ થી ૧૦૦ | ૫૦ થી ૨૦૦ | ૫૦૦ |
| ૨) જાનવરો જાહેર રોડ પર બાંધવા | ૧૦૦ થી ૨૦૦ | ૨૦૦ થી ૫૦૦ | ૧૦૦૦ |
| ૩) જાહેર રોડ કે જાહેર જગ્યાએ ઉકરડા કરવા | ૧૦૦ થી ૨૦૦ | ૨૦૦ થી ૫૦૦ | ૧૦૦૦ |
| ૪) જાહેર રોડ કે રસ્તા પર થયેલ ઉકરડા નગરપાલિકા દ્વારા ઉપાડી દૂર કરવાનો ચાર્જ | ફેરા દીઠ રૂ.૩૦૦ | ફેરા દીઠ રૂ.૩૦૦ | ફેરા દીઠ રૂ.૭૦૦ |
| ૫) કચરો નદી,તળાવ,ફૂટપાથ,ડીવાઈડર,રસ્તા,જાહેર જગ્યા,ખુલ્લા પ્લોટમાં નાખવો (નગરપાલિકાના સફાઈ કામદાર સહીત) | ૫૦ થી ૨૦૦ | ૨૦૦ થી ૫૦૦ | ૧૦૦૦ |
| ૬) બાંધકામનો કાંટમાળ તથા રેતી,કપચી,ઇંટો વગેરે બાંધકામમાં વપરાતો સામાન રસ્તા પર નાખવો કે મુકવો. | ૧૦૦ થી ૧૦૦૦ | ૫૦૦ થી ૨૦૦૦ | ૫૦૦૦ |
| ૭) સામાજિક/ધાર્મિક/જાહેર પ્રસંગોએ કચરો/એઠવાડ વિગેરેનો અયોગ્ય રીતે નિકાલ | ૧૦૦ થી ૫૦૦ | ૨૦૦ થી ૧૦૦૦ | ૨૦૦૦ |
| ૮) લગ્ન વાડી/પાર્ટી પ્લોટ/જ્ઞાતિની વાડીઓ દ્વારા કચરો/એઠવાડ વિગેરેનો અયોગ્ય રીતે નિકાલ | ૩૦૦ થી ૫૦૦ | ૫૦૦ થી ૧૦૦૦ | ૨૦૦૦ |
| ૯) કચરો,પ્લાસ્ટીક/રબર/ટાયર/વાયર વિગેરે બાળવા (નગરપાલિકાના સફાઈ કામદાર સહીત) | ૫૦ થી ૨૦૦ | ૨૦૦ થી ૫૦૦ | ૧૦૦૦ |
| ૧૦) નગરપાલિકાના વાહનમાં સેગ્રીગેશન કર્યા સિવાયનો કચરો આપવો | ૨૦ થી ૧૦૦ | ૫૦ થી ૨૦૦ | ૫૦૦ |
| ૧૧) ઘર/દુકાન/ઓફીસ/ગોડાઉન,બાંધકામ સાઈટ/હોટલ-રેસ્ટોરન્ટ/ શૈક્ષણિક સંસ્થાઓ/સામાજિક સંસ્થાઓ/લગ્ન વાડી-પાર્ટી પ્લોટ-જ્ઞાતિની વાડી/ જાહેર/ ખાનગી હોસ્પિટલ, સરકારી-અર્ધ સરકારી કચેરીઓ વિગેરે સ્થળેથી મચ્છરના પોરાનો ઉદ્દભવ | ૫૦ થી ૫૦૦ | ૧૦૦ થી ૧૦૦૦ | ૨૦૦૦ |
| ૧૨) માલિકીના ખુલ્લા પ્લોટમાં ઝાડપાલો ઉગી નીકળવા કે કચરો-ગંદકી થવી. | ૧૦૦ થી ૨૦૦ | ૨૦૦ થી ૫૦૦ | ૧૦૦૦ |
| ૧૩) જાહેર જગ્યા પર નગરપાલિકાની પરવાનગી સિવાય પોસ્ટર/સ્ટીકર/બેનર્સ ચોંટાડવા કે લગાડવા(જગ્યા દીઠ) | ૫૦ થી ૧૦૦ | ૧૦૦ થી ૨૦૦ | ૧૦૦૦ |
| ૧૪) ભીના/સુકા કચરા માટે ડસ્ટબીન ન રાખવી. (ઘર,દુકાન,કચેરી,લારી-ગલ્લા-પાથરણા વિગેરે) | ૫૦ થી ૧૦૦ | ૧૦૦ થી ૨૦૦ | ૫૦૦ |
| ૧૫) નોનવેજ કચરાનો અયોગ્ય રીતે નિકાલ (નદી,તળાવ,રસ્તા,ખુલ્લા પ્લોટ વગેરે) | ૧૦૦ થી ૩૦૦ | ૩૦૦ થી ૫૦૦ | ૨૦૦૦ |
| **D.રસ્તા પર હાથલારી/કેબીન વગેરે રાખી રસ્તા પર દબાણ કરવું.** | ૧૦૦ થી ૨૦૦ | ૨૦૦ થી ૫૦૦ | ૧૦૦૦ |

ચીફ ઓફિસર
બોટાદ નગરપાલિકા

Scanned with OKEN Scanner